# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-01-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

**આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.**

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય હવામાન વિભાગના 150મા સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે મિશન મૌસમનો પ્રારંભ કરાવ્યો

2) સમગ્ર દેશમાં મકરસંક્રાતી સહિતના ઉત્સવોની ઉત્સાહપૂર્વક ઉજવણી ..પ્રધાનમંત્રી મોદીએ મકરસંક્રાંતિ, માઘ બિહુ અને ઉત્તરાયણ પર લોકોને શુભેચ્છા પાઠવી

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદના મેમનગરમાં પરીવાર સાથે ઉજવણી કરી

4) કોલકતામાં ગંગાસાગરમાં લાખો શ્રદ્ધાળુઓએ પવિત્ર સ્નાન કર્યું.. પ્રયાગરાજના મહાકુંભ મેળામાં શ્રધ્ધ્ધાળુઓનો મહાસાગર ઉમટ્યો

5) ઇઝરાયેલ અને હમાસ વચ્ચે યુધ્ધ વિરામની પરોક્ષ વાટાઘાટો પ્રગતિ તરફ હોવાના ઇઝરાયેલના સંકેત

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# DAY-PM-MAUSAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય હવામાન વિભાગ ના 150મા સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે આજે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતેથી મિશન મૌસમનો પ્રારંભ કરાવ્યો છે. મિશન મૌસમનો ઉદ્દેશ્ય અત્યાધુનિક હવામાન દેખરેખ તકનીકો અને સિસ્ટમો વિકસાવીને તેના લક્ષ્યને પ્રાપ્ત કરવાનો છે. આ મિશન હેઠળ હવા ગુણવત્તા ડેટા પ્રદાન કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે, જે લાંબા ગાળે હવામાન વ્યવસ્થાપન અને હસ્તક્ષેપની વ્યૂહરચના બનાવવામાં મદદ કરશે.

આ પ્રસંગે બોલતા શ્રી મોદીએ કહ્યું કે, મિશન મૌસમ દેશના આબોહવા ક્ષેત્રે ભવિષ્યના પડકારોને ધ્યાને રાખીને શરૂ કરવામાં આવ્યું છે.

**(બાઇટ પીએમ)**

પ્રધાનમંત્રીએ હવામાન વિભાગની 150 વર્ષની લાંબી યાત્રાની પ્રશંસા કરતા કહ્યું કે આ યાત્રા દેશમાં આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીની એક ભવ્ય સફર છે.

**(બાઇટ પીએમ)**

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ 150 વર્ષ નિમિત્તે સ્મારક સિક્કો બહાર પાડ્યો હતો. તેમણે હવામાન સ્થિતિસ્થાપકતા અને આબોહવા પરિવર્તન અનુકૂલન માટે IMD વિઝન-2047 દસ્તાવેજ પણ બહાર પાડ્યો હતો. જેમાં હવામાન આગાહી, હવામાન વ્યવસ્થાપન અને આબોહવા પરિવર્તન શમન માટેની યોજનાઓનો સમાવેશ થાય છે.

# AYUSHMAN BHARAT-ODISHA

ઓડિશા આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના લાગુ કરનાર 34મું રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ બન્યું છે. આ યોજના હેઠળ, લાભન્વિત દરેક પરિવારના સભ્યને દર વર્ષે પાંચ લાખ રૂપિયાનું આરોગ્ય કવચ પૂરું પાડવામાં આવે છે. રાષ્ટ્રીય આરોગ્ય સત્તામંડળ અને ઓડિશા સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે ગઈકાલે નવી દિલ્હીમાં આ સંદર્ભમાં સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

દરમ્યાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના અમલીકરણ બદલ ઓડિશાના લોકોને અભિનંદન પાઠવ્યા છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે આ યોજના સસ્તા દરે ઉચ્ચતમ ગુણવત્તાવાળી આરોગ્યસંભાળ સુનિશ્ચિત કરશે.

દિલ્હી અને પશ્ચિમ બંગાળ એકમાત્ર રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ છે જ્યાં અત્યાર સુધી આ યોજના લાગુ કરવામાં આવી નથી.

# DR. JAISHANKAR: INDIA RISING GLOBAL STATURE

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ભારતના વધતા જતા વૈશ્વિક કદ અને પડકારજનક સમયમાં ભારતની અર્થપૂર્ણ સહાય અંગે પ્રકાશ પાડ્યો છે. સ્પેનમાં ભારતીયમૂળના લોકોને સંબોધન કરતાં , તેમણે વૈશ્વિક મંચ પર ભારતના "સબકા સાથ, સબકા વિકાસ અને સબકા વિશ્વાસ" ના અભિગમ પર ભાર મૂક્યો હતો. ડૉ. જયશંકરે ભારત-સ્પેન સંબંધો વિશે આશાવાદ વ્યક્ત કરતાં કહ્યું કે બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધો નોંધપાત્ર પ્રગતિના શિખર પર છે.

# FESTIVALS

આજે દેશભરમાં મકરસંક્રાંતિ, પોંગલ, બિહુ અને ઉત્તરાયણ ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવી રહ્યા છે, જે લણણીની મોસમ અને કૃતજ્ઞતા અને એકતાની ભાવનાને દર્શાવે છે. મકરસંક્રાંતિએ લોકો ગંગા અને યમુના જેવી પવિત્ર નદીઓમાં પવિત્ર ડૂબકી લગાવી રહ્યા છે.

તમિલનાડુમાં પોંગલની ઉજવણીનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પરિવારો શણગારેલા માટીના વાસણોમાં પરંપરાગત વાનગી, પોંગલ રાંધી રહ્યા છે, અને કૃતજ્ઞતાના સંકેત તરીકે સૂર્ય ભગવાનને અર્પણ કરી રહ્યા છે.

આસામમાં, માઘબિહુ, અથવા ભોગાલી બિહુ, પરંપરાગત ઉત્સાહથી ઉજવવામાં આવી રહી છે. ગુજરાત અને પશ્ચિમ ભારતના અન્ય ભાગોમાં, પતંગનો તહેવાર, ઉત્તરાયણ, આકાશને મેઘધનુષી રંગોથી શણગારી રહ્યાં છે.

# PM SUBHKAMANA

પ્રધાનમંત્રી મોદીએ મકરસંક્રાંતિ, માઘબિહુ અને ઉત્તરાયણ પર લોકોને શુભેચ્છા પાઠવી છે.

તેમના એક્સ હેન્ડલ પર મોકલવામાં આવેલા અભિનંદન સંદેશાઓમાં, તેમણે બધા દેશવાસીઓને સારા સ્વાસ્થ્યની સાથે સાથે દરેકના જીવનમાં સુખ અને સમૃદ્ધિની શુભેચ્છા પાઠવી હતી..

આજે દેશમાં મકરસંક્રાંતિ, પોંગલ, માઘબિહુ અને ઉત્તરાયણના તહેવારો ઉજવવામાં આવી રહ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લખ્યું, "મકરસંક્રાંતિ પર તમામ દેશવાસીઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ. ઉત્તરાયણ સૂર્યને સમર્પિત આ પવિત્ર તહેવાર તમારા બધાના જીવનમાં નવી ઉર્જા અને ઉત્સાહ લાવે તેવી પ્રાર્થના.

મકરસંક્રાંતિ પર્વની વિશેષતા એ છે કે, તે દેશના વિવિધ રાજ્યોમાં અલગ અલગ નામો અને સ્થાનિક પરંપરાઓ અનુસાર ઉજવવામાં આવે છે. ઉત્તર ભારતમાં તેને મકરસંક્રાંતિ, તમિલનાડુમાં પોંગલ, આસામમાં માઘબિહુ અને ગુજરાતમાં ઉત્તરાયણ તરીકે ઓળખવામાં આવે છે. લોક-શ્રદ્ધાનો આ તહેવાર પાકની લણણી સાથે પણ સંબંધિત છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# AMIT SHAH UTTRAYAN

ગુજરાતની ત્રણ દિવસીય મુલાકાતે આવેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રપટેલ અમદાવાદના મેમનગર વિસ્તારમાં આવેલા શાંતિનિકેતન એપાર્ટેમેન્ટમાં પહોંચ્યા હતા. જ્યાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પરિવાર સાથે પતંગ ચગાવી હતી.. એપાર્ટેમેન્ટની છત પરથી અમિત શાહ અને મુખ્યમંત્રી ભાજપના અન્ય કાર્યકર્તાઓની સાથે પતંગ ચગાવી ઉત્તરાયણની ઉજવણી કરી. ઘાટલોડીયા બાદ સાબરમતી વિધાનસભામાં પણ ત્રણ સ્થળો પર કાર્યકર્તાઓ સાથે ઉજવણી કરવામાં આવશે.

# TELEGANA KITE FESTIVAL

તેલંગાણાના પ્રવાસન મંત્રી જે કૃષ્ણા રાવ અને પરિવહન મંત્રી પી પ્રભાકરે ગઈકાલે સાંજે પરેડ ગ્રાઉન્ડ્સ ખાતે ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય પતંગ અને મીઠાઈ મહોત્સવનું ઉદ્ઘાટન કર્યું હતું.

તેલંગાણા રાજ્યના પર્યટન અને સંસ્કૃતિ વિભાગે આ ઉત્સવનું આયોજન કર્યું છે જેમાં મનોરંજન, સાંસ્કૃતિક વારસો અને વ્યંજનો પ્રદર્શિત કરાયા છે.. 19 દેશોના કુલ 57 આંતરરાષ્ટ્રીય પતંગબાજો અને 22 ભારતીય રાજ્યોના 58 રાષ્ટ્રીય પતંગબાજો આ કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા છે. આ ઉત્સવમાં ભારત અને વિદેશમાંથી લોટ આધારિત વિવિધ વાનગીઓના 1300 થી વધુ સ્ટોલ છે. પ્રભાવશાળી હેન્ડલૂમ પ્રદર્શનો અને પેરિની, શિવ તાંડવમ, ભરતનાટ્યમ, કુચીપુડી જેવા કલા સ્વરૂપો દર્શાવતા કલાકારો દ્વારા પરંપરાગત પ્રદર્શન અને ડપ્પુ ડોલુ વાદ્યો સાથે આદિવાસી નૃત્યો પણ મુખ્ય આકર્ષણો છે. તેલંગાણા અને પંજાબ, ગુજરાત, કેરળ અને મહારાષ્ટ્ર જેવા અન્ય રાજ્યોની મહિલાઓએ ઘરે બનાવેલી મીઠાઈઓના સ્ટોલ ઉભા કર્યા છે. આ સ્વાદિષ્ટ વાનગીઓનો આનંદ ફૂડ કોર્ટમાં માણી શકાય છે.

# GANGA SAGAR SNAN

મકરસંક્રાંતિના શુભ અવસર પર,આજે ભારત અને વિદેશથી લાખો ભક્તોએ ગંગા સાગરમાં ધાર્મિક ડૂબકી લગાવી હતી. એક માન્યતાઅનુસાર ત્રેતાયુગના પવિત્ર સમુદ્ર કિનારે, જ્યાં માતા ગંગાએ રાજા સાગરના સાઠ હજાર પુત્રોને મોક્ષ આપ્યો હતો, ત્યાં ભક્તો મોક્ષ પ્રાપ્તિની આશામાં પવિત્ર સ્નાન કરવા માટે ઉમટતા હતા.

આઠમી જાન્યુઆરીથી ગંગા સાગર મેળો શરૂ થયો છે. તે 17જાન્યુઆરીના રોજ સમાપ્ત થશે. પવિત્ર સ્નાન માટેનો શુભ સમય આજે સવારે 6:58 વાગ્યાથી 15 જાન્યુઆરી સવારે 6:58 વાગ્યા સુધીનો છે. પશ્ચિમ બંગાળ સરકારે ગંગા સાગર મેળા માટે ખાસ વ્યવસ્થા કરી છે. સરકારી બસો અને અન્ય સુવિધાઓની વ્યવસ્થા કરવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગયા વર્ષે લગભગ 32 લાખ શ્રદ્ધાળુઓ આવ્યા હતા. આ વખતે આ સંખ્યા વધી શકે છે. બીજીતરફ ગંગા સાગર મેળા દરમિયાન બાંગ્લાદેશી ઘૂસણખોરોની સંભવિત ગતિવિધિઓને ધ્યાનમાં રાખીને સુરક્ષા કડક કરવામાં આવી છે.

# MAHAKUMBH

પ્રયાગરાજમાં આવેલા મહાકુંભમાં મકરસંક્રાંતિ અમૃત સ્નાન ચાલી રહ્યું છે. ૧૩ અખાડાઓમાંથી, દરેક અખાડાને તેના નિર્ધારિત સમય અને ક્રમની જાણ કરવામાં આવી છે. મહાનિર્વાણી પંચાયતી અખાડો આજે વહેલી સવારે ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કરનારો પહેલો અખાડો હતો. શ્રી પંચાયતી અખાડો નિર્મલ અમૃત સ્નાન કરનારો છેલ્લો અખાડો હશે.આ ભવ્ય કાર્યક્રમ માટે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ગઈકાલે, પોષ પૂર્ણિમાના રોજ વિશ્વના સૌથી મોટા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મેળાવડા મહાકુંભનો પ્રારંભ થતાં એક કરોડ પચાસ લાખથી વધુ શ્રદ્ધાળુઓ અને યાત્રાળુઓએ પવિત્ર સ્નાન કર્યું.

# PEACE-TALKS--ISRAEL-HAMAS

પેલેસ્ટિનિયન અને ઇઝરાયલી અધિકારીઓએ કતારના દોહામાં હમાસ અને ઇઝરાયલ વચ્ચે સંભવિત યુદ્ધવિરામ કરાર પરના 'પરોક્ષ વાટાઘાટો'માં પ્રગતિની પુષ્ટિ કરી છે.

હમાસે દોહામાં મધ્યસ્થીઓ દ્વારા પ્રસ્તાવિત ગાઝા યુદ્ધવિરામ કરારના મુસદ્દા પર "સકારાત્મક" પ્રતિભાવ આપ્યો હોવાના અહેવાલ છે.

ઇઝરાયલી વિદેશ મંત્રી  ગિડિયોન સા'આરે ગઈકાલે પુષ્ટિ કરી હતી કે વાટાઘાટોમાં પ્રગતિ થઈ છે, અને, ઇઝરાયલ એક કરાર પર પહોંચવા માટે કામ કરી રહ્યું છે.

# PREZ-SINGAPORE---INDIA

સિંગાપોરના રાષ્ટ્રપતિ થરમન શનમુગરત્નમ આજથી ભારતની પાંચ દિવસની મુલાકાતે આવશે. તેમની સાથે મંત્રીઓ, સંસદસભ્યો અને અધિકારીઓ સહિત ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ આવશે. સિંગાપોરના રાષ્ટ્રપતિ તરીકે આ તેમની પ્રથમ ભારત મુલાકાત હશે. મુલાકાત દરમિયાન તેઓ રાષ્ટપતિ અને પ્રધાનમંત્રી સાથે સંવાદ કરશે. શ્રીયુત થરમનની આ મુલાકાત થી ભારત સિંગાપોરના સંબંધોને વેગ મળશે.

# DAY-BADMINTON---INDIA-OPEN

ઈન્ડિયા ઓપન સુપર 750 બેડમિન્ટન ટુર્નામેન્ટમાં, ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટોની ભારતીય જોડી રાઉન્ડ 16 માં આગળ પોહચી છે. આ જોડીએ મિક્સ્ડ ડબલ્સ રાઉન્ડ 32 માં તાઈવાનની જોડી હસુ યા ચિંગ અને ચેન ચેંગ કુઆનને 8-21, 21-19, 21-17 થી હરાવી હતી. અન્ય એક મેચમાં, અમૃતા પ્રમુથેશ અને સોનાલી સિંહની ભારતીય જોડીનો મહિલા ડબલ્સ રાઉન્ડ 32 માં થાઈલેન્ડની ઓર્નિચા જોંગસાથાપોર્નપર્ન અને સુકિત્તા સુવાચાઈની જોડી સામે પરાજય થયો છે. પેરિસ ઓલિમ્પિક્સ 2024 પછી લાંબા વિરામ બાદ પરત ફરતી પીવી સિંધુ આજે મહિલા સિંગલ્સના રાઉન્ડ ઓફ 32 માં તાઈવાનની સુંગ શુઓ-યુનનો સામનો કરશે.

# LOAS ANGELOS FIRE

પશ્ચિમ અમેરિકામાં લોસ એન્જલસમાં લાગેલી આગને કારણે ૯૨ હજાર થી વધુ લોકોનું ફરજિયાત સ્થળાંતર કરાવાયું છે. જ્યારે અન્ય ૮૯ હજાર લોકોને સ્થળાંતર કરવાની ચેતવણી અપાઇ છે.

સમગ્ર વિસ્તારમાં આગનીઓ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૨૫ લોકો મૃત્યુ પામ્યા છે અને એક ડઝનથી વધુ લોકો લાપતા છે. લોસ એન્જલસ કાઉન્ટીમાં લાગેલી ભીષણ આગને કારણે, ૪૦ હજાર ૫૦૦ એકરથી વધુ જમીન બળીને ખાખ ગઈ છે અને
૧૨ હજાર ૩૦૦ થી વધુ માળખાંનો નાશ થયો છે.

દક્ષિણ કેલિફોર્નિયા એડિસને દક્ષિણ કેલિફોર્નિયાના કેટલાક ભાગોમાં વિજળી નથી જેને કારણે ૪0 હજારથી વધુ લોકો અંધારપટમાં જીવી રહ્યાં છે.